
1. રેખા અને સ્તંભ (મિશ્ર) આલેખ વિશે રેખા અને સ્તંભ મિશ્ર આલેખ વિશે જણાવો.

- કેટલાક આંકડા એવા સ્વરૂપમાં હોય છે કે જેમાં રેખા તેમજ સ્તંભ એમ બંને ચિહનોનો એકસાથે થયેલો ઉપયોગ અસરકારક બને છે. ખાસ કરીને તાપમાન અને વરસાદના આંકડા એકસાથે એક જ ફલક ઉપર દર્શાવવા માટે આ પદ્ધતિ ઘણી ઉપયોગી બને છે.




- ઉપરની આકૃતિમાં મુંબઈ શહેરના એક વર્ષના પ્રત્યેક માસના સરેરાશ તાપમાન તથા વરસાદના આંકડાનું આલેખન કરવામાં આવ્યું છે. આ આલેખ ઉપરથી આ બંને તત્ત્વોના સંબંધ વિશેનું અર્થઘટન શું કરી શકાય છે. વધુ તાપમાન તથા વધુ વરસાદ કયા કયા મહિના દરમિયાન નોંધાયા હતા તેની ત્વરિત જાણકારી આ આલેખ દ્વારા જ મળી શકે છે. તે ઉપરાંત જે સ્થળની આ માહિતી હોય તે સ્થળ ક્યાં આવેલું હશે તેનો અંદાજ પણ બાંધી શકાય છે. આથી આવા મિશ્ર આલેખો ઘણા ઉપયોગી થઈ પડે